ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## એમ જ વિરાટ - સચિન ન થવાય...

# પળેપળ પરસેવો પાડી પરિશ્રમ કરવો પડે : ક્રિકેટ કોચ મિશ્રા

**આઇ પી એલના પ્રારંભ સાથે યુવાનોમાં ક્રિકેટ ફીવર : ક્રિકેટની રમત સાથે નેમ અને ફેમ જોડાયેલા હોવાથી રમતનો ક્રેઝ વધ્યો છે**

ગાંધીનગર તા ૨૫

પલે પલને રોમાંચક બનાવતી ક્રિકેટની રમતનો દેશ દુનિયમાં વિશેષ ક્રેઝ છે. પાનના ગલ્લાથી માંડીને હાઈફાઈ ઓફિસમાં પણ ક્રિકેટ ફિવર છવાયેલો જોવા મળે છે. સરકારી કચેરીઓ તેમજ વિવિધ જાહેર સ્થળો પર ક્રિકેટ મેચ જેટલી રોમાંચક વાતો પણ સતત વાગોળાય છે.આઈ પી એલ ક્રિકેટ ટુર્નામેન્ટ હાલ ચાલી રહી છે આવા સંજોગોમાં ખાસ કરીને યુવાઓ આ રોમાંચક ટુર્નામેન્ટ જોવાનુ ચુકતા નથી. ગાંધીનગરમાં પણ ક્રિકેટ રસિયાઓ ક્રિકેટ જોવાની સાથે

**ખાસ મુલાકાત**
**- ધનંજય જોષી**



રમવાનો પણ વિશેષ ક્રેઝ ધરાવે છે. શહેરના સે-૧૫ સ્થિત સાંઈ સંકુલમાં ઉગતા ઉભરતા ક્રિકેટરોને તાલીમ આપવામાં આવી રહી છે. જયારે હવે આ તાલીમ લેવા માટે વિમેન ક્રિકેટનો ટ્રેન્ડ કેળવાતા મહીલાઓ પણ આવી રહી છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડીયાના આ તાલીમ સેન્ટરમાં હાલ ૭૦ જેટલા ખેલાડીઓ ક્રિકેટની તાલીમ લઈ રહ્યા છે. જયારે હવે મહીલા ક્રિકેટ પણ લાઈમ લાઈટમાં આવતા હાલ ૭ થી ૮ મહીલાઓ પણ ક્રિકેટ કોચીંગ માટે આવે છે.આ ખેલાડીઓને ક્રિકેટ કોચ એલ એલ મિશ્રા છેલ્લા ૨૫ વર્ષથી તાલીમ આપી રહ્યા છે. વર્ષ ૧૯૮૦-૮૧ માં ચેતન શર્મા , મનીન્દરસિંગ શબા કરીમ જેવા ટોચના ક્રિકેટરો સાથે અન્ડર -૧૯ ઈન્ડિયામાં ક્રિકેટ મેચ રમી ચુકેલા મિશ્રાના મતે એમ.. જ નથી.. બની જવાતુ.. સચિન કે વિરાટ પલે પલે પરસેવો પાડીને પ્રેકટીસ કરવી પડે છે. આજના ખેલાડીઓ સચિન કે ધોની બનવાનુ સ્વપ્ર લઈને આવે છે પરંતુ સાકાર તેનુ જ થાય છે કે જે મહેનત કરે છે.

સે-૧૫ સ્થિત સાંઈમાં ઉગતા ઉભરતા ક્રિકેટરોને તાલીમ આપતા કોચ એલ એલ મિશ્રાએ અત્યાર સુધીમાં ૪ હજાર જેટલા ખેલાડીઓને ક્રિકેટની તાલીમ આપી છે. જયારે આ પૈકી ૭૦ થી ૮૦ અન્ડર -૧૯ માં રમી ચુકયા છે. જેમાં અન્ડર -૧૯ ઈન્ડિયા, વર્લ્ડ કપ રણજીટ્રોફી સુધી ખેલાડીઓ ક્રિકેટ મેદાનમાં ઉતર્યા છે. તેમના હાથ નીચે તાલીમ લઈને ગાંધીનગરનો મોહનીશ પરમાર અને ઈશ્વર ચૌધરી વર્ષ ૨૦૦૫-૬ દરમિયાન અન્ડર -૧૯ માં બે વાર વર્લ્ડ કપમાં પાકીસ્તાન તેમજ મલેશિયા ખાતે રમી ચુક્યા છે. આ ઉપરાંત આઈ પી એલમાં પણ વર્ષ ૨૦૦૭-૦૮ માં કલકત્તા નાઈટ રાઈડરની ટીમમાં પણ સ્થાન પામ્યા હતા. હાલ મોહનીશ રણજી ટ્રોફી માટે ગુજરાતની ટીમના કોચ તરીકે સેવા આપે છે. આ ઉપરાંત સલીલ યાદવ,રાજેશ તહીયાર, રોહીત દૈયા, પ્રથમેશ પરમાર, પાર્થ પટેલ જયદીપ પરમાર, ક્ષિતિજ પટેલ સહીતના ખેલાડીઓ રણજી ટ્રોંફી સુધી મેચ રમ્યા છે. આજકાલના યુવક યુવતિઓ રમત ગમત ક્ષેત્રે ક્રિકેટને પ્રથમ પસંદગી આપવી જોઈએ કારણ કે બી સી સી આઈ એએ ક્રિકેટરોને સલામતી, સુવિધાઓ અને આર્થિક રીતે પણ મજબુતી મળે છે. ક્રિકેટરોને નેમ અને ફેમ બન્ને મેળવી વિશ્વમાં દેશનો ડંકો વગાડે છે. જેની સામે અન્ય રમતમાં આ બધુ ઘણુ દુર લાગે છે. ક્રિકેટ જગતમાં અનેક ટ્રોફીને અનુલક્ષી ખેલાડીઓને પુરતી તક પણ મળે છે. સમગ્ર દુનિયામાં ભારતમાં સૌથી વધુ ટ્રોફી રમાય છે જેમાં રણજી, દિલીપ,દેવધર, નાયડુ, મુસ્તાક અલી ટ્રોફી સાથે ક્રિકેટરો જોડાયેલા છે. ગુજરાતમાંથી ભુતકાળમાં વિનુ માંકડ, અન્સુમન ગાયકવાડ,

● અનુસંધાન પાન-૭ પર

**સાંઇના ક્રિકેટ કોચ મિશ્રા પાસે તાલીમ મેળવી મોહનીશ પરમાર ઇશ્વર ચૌધરી સહીતના ખેલાડીઓ અન્ડર -૧૯ ઇન્ડિયા તેમજ આઇ પી એલ અને રણજીટ્રોફી સુધી પહોંચ્યા છે : વુમન ક્રિકેટ લાઇમ લાઇટમાં આવતા હાલ ૭ મહીલા ખેલાડીઓ પણ તાલીમ લેવા આવે છે**

# નિષ્પક્ષ ચૂંટણી યોજવા તંત્ર એક્શન મોડમાં

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર સહિત લોકસભાની સામાન્ય ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવાની આડે હવે ૪૮ કલાક જેટલો સમય બાકી છે ત્યારે જિલ્લાતંત્ર સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગયેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાતંત્ર દ્વારા ચૂંટણી પહેલાની જે તૈયારીઓ હતી તે પૂરી કરી લીધી છે હવે જાહેરનામુ પ્રસિદ્ધ કરવાની સાથે તૈયારીનો બીજો તબક્કો શરૂ થશે.

જિલ્લામાં મતદારયાદીને તૈયાર કરવાની કામગીરી પણ લગભગ અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. જિલ્લામાં ચૂંટણી જાહેર થઈ ત્યારે નોંધાયેલ મતદારોની સંખ્યા જે ૧૨.૯૦ લાખ હતી આ પછી તેમાં ૧૦ હજાર નામ રદ થયા હતા. ત્યારબાદ નવી ૧૭ હજાર અરજીઓ નામ નોંધાવાની આવતાં જિલ્લામાં મતદારોની સંખ્યા ૧૨.૯૭ લાખ જેટલી થશે તેમ જાણવા મળેલ છે.

મતદાન મથકોની ચકાસણી પ્રક્રિયા સંપન્ન થઈ જવા પામી છે. જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ વાતાવરણમાં થાય તે માટેના જરૂરી પગલાં લેવામાં આવ્યા છે એટલુ જ નહિ આ માટે વિવિધ ટીમોની રચના પણ કરી દેવામાં આવી છે.

તંત્ર દ્વારા લોકસભા મતદાન માટે વિધાનસભા બેઠક દીઠ ઈ.વી.એમ.ની ફાળવણી માટે આજે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે.

તંત્ર દ્વારા તૈયારીઓની જાણકારી આપવા માટે રાજકીય પક્ષો સાથે બેઠકોનો સિલસિલો પણ પૂર્ણ થઈ ગયો છે. તંત્રે હવે માત્ર ચૂંટણી પ્રક્રિયા માટે જ તેનુ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. તંત્ર દ્વારા મતદાર જાગૃતિ અભિયાનના પણ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

જિલ્લામાં આચારસંહિતાના અમલને લઈ ૮ હજારથી વધુ પોસ્ટર્સ-બેનર અને હોર્ડિંગ્સ ઉતારી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત એક હજાર જેટલા ભીંત પરના લખાણો પણ દૂર કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં હિટવેવની ચેતવણી

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં બે દિવસ માટે હિટવેવની ચેતવણી જારી કરવામાં આવતા લોકોમાં આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. ગરમીની શરૂઆત થઈ રહી છે ત્યારે હિટવેવની ચેતવણી જારી થવાની શરૂઆત થઈ ચુકી છે.

આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાતમાં હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. પોરબંદર, ગીરસોમનાથ, સુરેન્દ્રનગર, ભાવનગર અને કચ્છમાં હિટવેવની ચેતવણી જારી કરાઈ છે. દક્ષિણ ગુજરાતમાં સુરત અને વલસાડમાં પારો વધવાની ચેતવણી જારી કરવામાં આવી છે.



લોકસભાની ચુંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તેવા ઉમદા હેતુંથી ગાંધીનગર જિલ્લામાં તા. ૨૩ માર્ચથી તા. ૨૬ માર્ચ દરમિયાન ચાર દિવસ માટે પોલીસ અને અર્ધ લશ્કરી દળોની ફલેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભિક દિવસોમાં કલોલ શહેર અને તાલુકા વિસ્તારમાં પોલીસ અને અર્ધ લશ્કરી દળોની ફલેગ માર્ચ યોજાઈ હતી. જયારે સોમવારના રોજ સે-૨૧ અને સે-૭ સહિત પેથાપુર પોલીસ મથકના વિસ્તારમાં ફેલગ માર્ચ યોજાઈ હતી. જયારે સ્થાનિક પોલીસની સાથે અર્ધ લશ્કરી દળો પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય તેમજ તટસ્થ ચુંટણી યોજાય તે માટે તંત્ર પ્રયાસ કરશે.

# જિલ્લામાં ૧૫ હજાર હેક્ટરમાં ઉનાળુ પાકનું વાવેતર

**ગત વર્ષની તુલનામાં ૧૧ હજારનો ઘટાડો : ઘાસચારાનું વાવેતર વધારે કરવાનો ટ્રેન્ડ ખેડૂતોમાં**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતરમાં ધીમી ગતિએ વધારો થઈ રહ્યો છે. જોકે આ વખતે પાણીની અછત એ ગંભીર મુદ્દો હોવાથી ખેડૂતો પાકના વાવેતરને બદલે ઘાસચારાના વાવેતરને વધુ અગ્રતા આપી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫૫૮૧ હેક્ટરમાં વાવેતર થયુ છે. જે ગત વર્ષની તુલનામાં ૧૧ હજાર હેક્ટરનો ઘટાડો દર્શાવે છે.

આ વખતે જે વાવેતર થયુ છે તેમાં ૮ હજાર હેક્ટરમાં તો ઘાસચારાનું જ વાવેતર થયુ છે. આ ઉપરાંત શાકભાજીનો પાક રોકડિયો પાક ગણાતો હોવાથી તેનુ વાવેતર ૩ હજાર હેક્ટરમાં થયુ છે.

જિલ્લામાં મગના પાકનું ૧૨ હેક્ટરમાં તો મગફળી પાકનું ૨૧ હેક્ટરમાં અને બાજરીના પાકનું ૪૧૦૦ હેક્ટરમાં વાવેતર થવા પામ્યુ છે.

જિલ્લામાં ચોમાસુ નિષ્ફળ ગયુ છે અને તળાવો સુકાઈ રહ્યા છે તો ભૂગર્ભ જળના સ્તર નીચે જઈ રહ્યા છે. ઓવર એક્સપ્લોઈટેશન કેટેગરીમાં આવતા જિલ્લામાં આ વખતે ઉનાળુ પાકનું વાવેતર દર વર્ષની સરેરાશ કરતાં પણ ઓછુ થશે તેવુ ખેડૂતોનું કહેવુ છે. સિંચાઈની ઓછી ઉપલબ્ધતા પણ એક કારણ છે.

ખેડૂતો દ્વારા હાલ મૂંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર કરવાનો ટ્રેન્ડ ખેડૂતોમાં જોવા મળી રહ્યો છે. જો કે ઘાસચારાના વાવેતરને પ્રોત્સાહન આપવા માટે સરકારે પણ કેટલીક યોજનાઓ ચૂંટણી અગાઉ જાહેર કરેલી છે પણ ખેડૂતોમાંથી તેનો પ્રતિસાદ નબળો રહ્યો હોવાનું જાણવા મળેલ છે.



આકરો બનતો ઉનાળો - દિનપ્રતિદિન વધતુ જતુ તાપમાન માનવજાતને જેટલી અસર કરે છે એટલી જ અસર પશુ-પક્ષીઓ પર પણ વર્તાય છે... પક્ષીઓ માટે પાણી પીવા પક્ષીપરબ સેવા ઉનાળાની અમૂલ્ય સેવા છે... માણસને જેમ ગરમીમાં વધુ પાણી પીવાના જરૂરિયાત ઉભી થાય એમ પક્ષીઓને પણ થાય... ને આટલી સમજ સમાજમાં ઉભરી આવે તો ઘેર ઘેર પાણી પીવા આવતું પક્ષી પાવન પગલા પાડશે... આવો, ગ્રીષ્મના ધોમધખતા તાપમાં પક્ષીઓ માટેની પરબ આપણા આંગણે પણ લગાવીને સદકાર્યનો આરંભ કરીએ...

# આજે કોંગ્રેસના ઉમેદવારોની જાહેરાત

**આજે દિલ્હીમાં કોંગ્રેસની સ્કીનીંગ કમીટીની બેઠક : પેટા ચૂંટણીના ઉમેદવારોની પસંદગી માટેની કવાયત હાથ ધરાશે : અમિત ચાવડા, ધાનાણી બેઠકમાં ઉપસ્થિત રહેશે**

અમદાવાદ,તા. ૨૫

લોકસભાની ચૂંટણીને લઈ ભાજપ-કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોની ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા અંતિમ અને ફાઈનલ તબક્કામાં પહોંચી છે કારણ કે, હવે ઉમેદવારીપત્ર ભરવાને આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે હજુ સુધી ભાજપ અને કોંગ્રેસ ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકોના ઉમેદવારો ફાઈનલ કરી શકી નથી. ભાજપના હજુ ૧૬ ઉમેદવારોના નામ બાકી છે ત્યારે કોંગ્રેસના તો હજુ યાદીને લઈ ઠેકાણાં જ નથી. હજુ માંડ ચાર-પાંચ બેઠકોના ઉમેદવારો નક્કી થઈ શકયા છે ત્યારે હવે કોંગ્રેસની સ્કીનીંગ કમીટીની આવતીકાલે દિલ્હી ખાતે મળનારી બેઠકમાં તમામ નામો નક્કી થઈ જવાની પૂરી શકયતા છે. કોંગી હાઈકમાન્ડના વડપણ હેઠળ મળનારી આ બેઠકમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના નેતાઓ પણ ભાગ લેશે અને ઉમેદવારોની પસંદગી મુદ્દે અહીંનો સ્થાનિક રિપોર્ટ અને અભિપ્રાય આપશે. તો સાથે સાથે રાજયની પેટા ચૂંટણીના ઉમેદવારોની પસંદગી માટે નીરીક્ષકો દ્વારા કવાયત હાથ ધરવામાં આવશે.

આ મામલે આવતીકાલે પ્રદેશ કોંગ્રેસના નેતાઓ દ્વારા જરૂરી રિપોર્ટ રજૂ કરાશે અને તેના આધારે પેટા ચૂંટણીના ઉમેદવારો ફાઈનલ થશે. દરમ્યાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપના નારાજ સાંસદ દેવજી ફતેપરાના કોંગ્રેસમાં સંભવિત આગમનને લઈ પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, ભાજપના ઘણા નેતાઓ અને લોકો અમારા સંપર્કમાં છે. ભાજપથી નારાજ અને શોષણનો ભોગ બનેલા તમામ લોકોનું કોંગ્રેસમાં સ્વાગત છે. ભાજપની નીતિરીતિ અને વડાપ્રધાન મોદીની સરમુખત્યારશાહીથી ભાજપના લોકો કંટાળી ગયા છે અને તેઓ તેમાંથી મુકત થવા ઈચ્છી રહ્યા છે.

આદિવાસીઓ મુદ્દે પણ ચાવડાએ જણાવ્યું કે, રાજયના આદિવાસી સમાજમાં પણ ભાજપ સામે ઉગ્ર આક્રોશ પ્રવર્તી રહ્યો છે. ફોરેસ્ટ એકટમાં સુપ્રીમકોર્ટના ચુકાદો આદિવાસીઓમાં નારાજગી છે અને તેને લઈ રાજયના આદિવાસી સમાજમાં મોદી સરકાર સામે આક્રોશમાં છે. ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણીને લઈ ભાજપ અને કોંગ્રેસમાં હાલ ઉમેદવારોની પસંદગીને લઈ કશ્મકશ ચાલી રહી છે. જો કે, ભાજપ આમ જોવા જઈએ તો કોંગ્રેસની સરખામણીએ ભારે આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું હોય તેમ જણાય છે કારણ કે, ભાજપે તેના ૧૬ બેઠકો માટેના ઉમેદવારોના નામો જાહેર કરી દીધા છે અને બાકીના દસ ટૂંક સમયમાં જ જાહેર કરવાની વેતરણમાં છે ત્યારે કોંગ્રેસ હજુ ૨૬ બેઠકોમાંથી ચાર જ બેઠકોના નામ જાહેર કરી શકી છે અને બાકી ૨૨ બેઠકો પર કોંગ્રેસમાં હજુ મડાગાંઠ સર્જાઈ છે.

કોંગ્રેસ હાઈકમાન્ડ અને સ્થાનિક મોવડીમંડળ પણ જ્ઞાતિવાદના રાજકારણમાં કયાંક કાચુ ના કપાય સમગ્ર યાદી ઘોંચમાં પડી હોવાની વાત સામે આવી રહી છે અને તેથી સમગ્ર યાદી વિલંબિત થઈ રહી છે. જો કે, કોંગ્રેસ દ્વારા આવીતકાલે સાંજ સુધીમાં ગમે તે ઘડીયે ઉમેદવારોના નામોની યાદી જાહેર કરવાની મથામણ ચાલી રહી છે. જેને લઈને હવે કોંગ્રેસની છાવણીમાં પણ ઉમેદવારોના નામોને લઈ ભારે ઉત્તેજના અને ઉત્સુકતા છવાઈ ગઈ છે.

## જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૫૦ પર પહોંચી

**ખાનગી હોસ્પિટલમાં આ વખતે વધુ કેસો નોંધાયા : સરકારી હોસ્પિટલમાં ૨૩ જ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ગરમીના પ્રકોપ વચ્ચે ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુનો વધુ એક કેસ મળી આવ્યો છે. આજે મળી આવેલ કેસ સાથે જિલ્લામાં આ સીઝનમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫૦ થઈ છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના સુઘડ પી.એચ.સી. વિસ્તારમાંથી ૫૮ વર્ષીય પુરૂષ દર્દીને સ્વાઈન ફલુ પોઝીટીવ પરીક્ષણ દરમ્યાન જણાઈ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં નોંધાયેલા ૫૦ કેસ પૈકી ૪૬ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ જિલ્લાના ૪ દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાતા હવે સ્વાઈન ફલુના કેસોમાં ઘટાડો થશે તેવું તંત્રના સૂત્રોનું માનવુ છે. જોકે આજે રાજયના આરોગ્ય તંત્ર દ્વારા યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં પણ સ્વાઈન ફલુનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. આજે મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સના આદેશો તંત્રએ જારી કર્યા છે. મળતી વિગતો પ્રમાણે આ નવી સીઝનમાં જે ૫૦ કેસ નોંધાયા છે તેમાં ૨૭ કેસ ખાનગી હોસ્પિટલોમાં નોંધાયેલા છે જયારે ૨૩ કેસ સરકારી હોસ્પિટલોમાં નોંધાયેલા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા દર્દીઓની સ્થિતિ સ્થિર છે. જિલ્લામાં સ્વાઈન ફલુથી એક પણ મોત નહિ થયાનું તંત્રે જણાવ્યુ છે. જિલ્લામાં નોંધાયેલા કેસોમાં ૫૦ ટકા કેસ મહિલા દર્દીના નોંધાયા છે જે નોંધનીય છે.

કપલ / ફેમીલી / LTC / AIR પ્રવાસો

| | |
|---|---|
| લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક આઇલેન્ડ |
| ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી |
| ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રી-કેદાર-ગંગોત્રી-યમુનોત્રી |
| સિમલા-મનાલી ડેલહાઉસી અમૃતસર | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર |
| કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા |
| બેંગ્લોર-મૈસુર સહ દક્ષિણ ભારત | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી |

By Helicopter કૈલાસ માનસરોવર તથા ચારધામ

નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ
સી.જી.રોડ, અમદાવાદ
Ph.26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com